ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીના પડઘમ શરૂ થતા રાજકીય ગરમાવો સર્જાયો

ખેડબ્રહ્મા, તા.૩૦

રાજયમાં વિધાનસભાની ચૂંટણીના ભૂંગળા હજુ તો શાંત થયાને પંદર દિવસ પણ થયા નથી ત્યાં તો સાબરકાંઠાની ખેડબ્રહ્મા નગરપાલિકાની મુદત પૂર્ણ થતા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીની કામગીરી શરુ કરી દેવાઈ છે. ત્યારે આ વખતે ચૂંટણી વધુ રસપ્રદ બને તેવો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં ભાજપ તથા કોંગ્રેસ સિવાય પ્રતિષ્ઠિત નાગરિકો દ્વારા ત્રીજા મોરચાની રચના કરી ચૂંટણી માટે લડતનો તમ્મો ગોઠવી રહ્યા છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીનું પરિણામ અને બદલાયેલા સીમાંકનને જોતા આ ચૂંટણી ભારે રસાકસીવાળી થાય તેવું દેખાઈ રહ્યું છે. ટૂંક જ સમયમાં આ નગરપાલિકાની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા જ રાજકારણના કાવાદાવા વધુ તેજ બનશે તેવી ચર્ચાએ જોર પકડયું છે.

સાબરકાંઠા જિલ્લાના ૧૩ તાલુકામાં ૨૦૦૦થી વધુ મહિલાઓ પગભર થશે

હિંમતનગર, તા. ૩૦

(તસવીર : મગનજી વણઝારા)

ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ ગાંધીનગરના સહયોગથી સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં આવેલ પરખ સંસ્થા દ્વારા ત્રણ માસમાં જિલ્લાના ૧૩ તાલુકામાં ૮૦ સ્થળોએ અલગ - અલગ ટ્રેડના તાલીમ વર્ગોમાં ૨૧૫૦ મહિલા તાલીમાર્થીઓ આગામી દિવસોમા પગભર થશે તેવી માહિતી પરખ સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ પટેલ અને મંત્રી કુ. કૌશલ્યાકુંવરબાએ જણાવ્યું હતું.

વધુમાં જણાવેલ કે ગુજરાત સરકાર મહિલાઓના સશક્તિકરણ માટે કટિબદ્ધ છે ત્યારે સાબરકાંઠા જિલ્લાની જરૂરિયાતમંદ બહેનોનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થાય અને પોતે પગભર બની સ્વાવલંબી બને અને સમાજમાં મોભા સાથે જીવી શકે તે માટે સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી સતત પ્રયાસ કરી રહેલ છે. આ ઉપરાંત જિલ્લામાં તાલીમ

લઈ રહેલ બહેનો તાલીમ લીધા બાદ જે તે ગૃહ ઉદ્યોગ કરવા ઈચ્છતી હશે તેને લોન સહાય અપાવી ગૃહ ઉદ્યોગ શરૂ કરાવવા માટે પણ સંસ્થા દ્વારા અવિરત પ્રયાસ કરી રહેલ છે આશા છે કે કારમી મોંઘવારી વચ્ચે પીસાઈ રહેલ બહેનોને આ તાલીમ દિશા સૂચક બની રહેશે.

સંસ્થા દ્વારા સિવણ તાલીમ, બ્યુટી પાર્લર, ડેટા એન્ટ્રી ઓપરેટર અને ભરત ગૂંથણના તાલીમ વર્ગોમાં

જિલ્લાના હિંમતનગરમાં ૪૦ તાલીમ વર્ગોમાં ૧૦૦૦ બહેનો, પ્રાંતિજમાં ૭ તાલીમ વર્ગોમાં ૨૨૫ બહેનો, તલોદમાં ૫ તાલીમ વર્ગોમાં ૧૨૫ બહેનો, માલપુરમાં ૪ તાલીમ વર્ગોમાં ૧૦૦ બહેનો, ખેડબ્રહ્મામાં ૬ તાલીમ વર્ગોમાં ૧૫૦ બહેનો, મેઘરજમાં ૨ તાલીમ વર્ગોમાં ૫૦ બહેનો, વડાલીમાં ૨ તાલીમ વર્ગોમાં ૫૦ બહેનો, ઈડરમાં ૨ તાલીમ વર્ગોમાં ૫૦ બહેનો, ભિલોડામાં ૫ તાલીમ વર્ગોમાં ૧૨૫ બહેનો, બાયડમાં ૨ તાલીમ વર્ગોમાં ૫૦ બહેનો અને મોડાસા તાલુકામાં ૨ તાલીમ વર્ગોમાં ૫૦ બહેનો હાલમાં ચાલી રહેલ ત્રણ માસના તાલીમ વર્ગમાં તાલીમ પૂરી કરી ચૂક્યા છે.

ધનસુરાની રેફરલ હોસ્પિટલમાં ૬ માસથી બે ડૉક્ટરોની જગ્યા ખાલી રહેતાં દર્દીઓ પરેશાન

ધનસુરા, તા. ૩૦

ધનસુરા તાલુકાની સરકારી રેફરલ હોસ્પિટલમાં છેલ્લા છ માસથી ચારમાંથી બે ડૉક્ટરોની જગ્યા ખાલી રહેતાં હૉસ્પિટલમાં દવા લેવા અને ઈલાજ કરાવવા આવતા દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડે છે. જેને લઈ દર્દીઓ ભારે રોષે ભરાયા છે અને સત્વરે ખાલી પડી રહેલ બે ડૉક્ટરોની જગ્યા તત્કાળ તંત્ર દ્વારા ભરવામાં આવે તેવી ઉગ્ર માગણી કરી રહ્યા છે.

ધનસુરા તાલુકો બન્યો છે ત્યારથી એક માત્ર સરકારી રેફરલ હોસ્પિટલ છે. જે આસપાસના ગરીબ ગામડાના દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે. તે હોસ્પિટલની અંદર ૩ મેડિકલ ઓફિસરો અને એક સુપ્રિટેન્ડન્ટનું મહેકમ છે. પરંતુ હોસ્પિટલમાં ૬ માસથી એક ડૉક્ટરની બદલી થતાં અને એક મહિલા ડૉક્ટર છ માસથી રજા ઉપર છે, આથી હોસ્પિટલમાં બે જ ડૉક્ટર હોવાના કારણે દર્દીઓ ભારે તોબા પોકારી ઊઠ્યા છે. અને આ મામલે અનેક વાર રજૂઆતો કરી ચૂક્યા છે, પરંતુ કોઈ નક્કર પરિણામ ન આવતાં સ્થાનિકો અને દર્દીઓ ભારે રોષે ભરાયા છે અને સત્વરે બે ડૉક્ટરોની નિમણૂંક કરવામાં આવે તેવી માગ કરી રહ્યા છે.

ચોરાયેલું ઓઈલ હિંમતનગરમાં વેચવાના કૌભાંડમાં વધુ એક પકડાયો

બે ફરાર : પકડાયેલા ત્રણે જણાને બે દિવસના રિમાન્ડ

હિંમતનગર, તા.૩૦

હિંમતનગરના ગોગાનગર વિસ્તારમાંથી ચોરાયેલું ઓઈલ વેચી મારવાના કૌભાડમાં શનિવારની રાત્રિના વધુ એક આરોપી પકડાયો હતો. રવિવારના રોજ ત્રણેને કોર્ટમાં રજુ કરતા બે દિનના રિમાન્ડ મળ્યા હતા જયારે બે ફરારને પકડી પાડવા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી છે.

શનિવારના રોજ મહેસાણા જિલ્લાના કોઈ સ્થળેથી ઓ.એન.જી.સી.નું ચોરીનું ક્રુડ ઓઈલ હિંમતનગરમાં લાવી ભાડાના ગોડાઉનમાંથી કાચુ ક્રુડ ઓઈલ ગેરકાયદેસર રીતે વેચવાનો વેપલો કરવાના કૌભાંડનો ગાંધીનગરના આરઆર સેલની ટીમે શનિવારે ઘટસ્ફોટ કર્યો હતો. ટીમે મહેસાણા જિલ્લાની ઓઈલ ચોરીના ગુનામાં વોન્ટેડ અને કૌભાંડમાં સામેલ બે શખ્સોની અટકાયત કરી એક ટેન્કર, ટ્રક અને હજારો લિટર ક્રુડ ઓઈલના જથ્થા સાથે કુલ રૂ. ૧૬.૩૪૯ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આર.આર. સેલના ગાંધીનગર રેન્જ આઈજીપી ડૉ. સમશેરસિંઘની સૂચનાથી રેન્જના પીએસઆઈ એલ.પી. બોડાણા, એએસઆઈ જાહીરખાન હે.કો. બાબીભાઈ, દેવુસિંહ, વિરેન્દ્રસિંહ, સચીનભાઈ વગેરેએ હિંમતનગર શહેરના કાટવાડ માર્ગ પર ગોગાનગર નજીક આવેલા એક ગોડાઉન પર છાપો માર્યો હતો. ટીમે સ્થળ પર પહોંચી ત્યાં હાજર બે શખ્સોની પુછતાછ કરી એક ટેન્કર તેમજ આઈશર ટ્રકને કબ્જે કરી તપાસ કરી હતી. આર.આર. સેલની ટીમે છાપા દરમિયાન જે રીતે ગોડાઉનની અંદર મસમોટા ટાંકાઓ સાથે પીવીસી પાઈપો, કેમીકલ્સનો જથ્થો, ટ્રકને સીધી અંદર ઘુસાડી અંદરથી જ ક્રુડ ઓઈલ ભરીને બહાર વેચવા માટે લઈ જવાની સુવિધા જોઈ અચંબામાં પડી ગઈ હતી. જેથી ઘનશ્યામ કુંદનલાલ વણઝારા, ગોવિંદસિંહ અમરસિંહ પરમાર બંને જણાને પકડી પાડયા હતા અને શનિવાર રાત્રિના સમયે ત્રીજો રાજેશકુમાર ઉર્ફે રાજુભાઈ દેવન્દ્રકુમાર જૈનને અમદાવાદથી પકડી પાડયો હતો ત્રણે આરોપીઓને તપાસ કરતી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચને સોંપ્યા હતા. રવિવારના રોજ પકડાયેલા ત્રણે જણાને હિંમતનગર ચીફ કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણે જણાને તા. ૧-૧-૧૩ સુધીના બે દિનના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા જયારે આ કૌભાંડમાં ફરાર બે પ્રવીણ મારવાડી અને ઈમરાન પઠાણને શોધવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા શહેરમાં ચાલતી શ્રીમદ્ ભાગવત દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણમાં આજે સાબરકાંઠા જિલ્લાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, રમિલાબેન બારા, ખેડબ્રહ્મા તાલુકાના પ્રાંત અધિકારી આર.આર. ઠકકર સહિત મોટી સંખ્યામાં આગેવાનોએ હાજરી આપી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

લાયન્સ કલબ ઑફ તલોદ અને લાયન્સ કલબ સોસાયટી દ્વારા સેલ કાઉન્ટર મશીન ખૂલ્લું મુકાયું

તલોદ, તા. ૩૦

લાયન્સ કલબ ઑફ તલોદ અને લાયન્સ કલબ ઑફ સોસાયટીના ઉપકમે શનિવારના રોજ તલોદ સંચાલિત ઈન્દિરા બહેન રમણલાલ પટેલ લાયન્સ ક્લિનીક લેબોરેટરીમાં દાતા શ્રેષ્ઠીઓ તથા સરકારી સંસ્થાનાં સહયોગથી સેલ કાઉન્ટર મશીન દાતા શ્રેષ્ઠી સતિષભાઈ કે. શાહ (સચેતા મેટલ ઈન્ડ.) ના વરદ્ હસ્તે ખૂલ્લું મુકાયું હતું. તેમજ લાયન્સ કલબ હૉલમાં દાતાશ્રીઓનું અભિવાદન કરી નવા વર્ષનું સ્નેહમિલન કાર્યક્રમ યોજયો હતો.

તલોદમાં આવેલી સિવિલ હૉસ્પિટલ તાલુકાનાં ૧૦૫, જેટલા ગામડાનાં લોકો તબીબી સેવા અર્થે આવતાં ધમધમતાં હૉસ્પિટલમાં દર્દીઓની તપાસ રિપોર્ટ એક સમસ્યા બની હતી. રોગોનું નિરાકરણ અચોક્કસથી તબીબો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. ઝડપી સેવા માટે દર્દીઓની માંગ ઊભી થતી હતી. સતકાર્ય સેવા માટે લાયન્સ કલબ લેબમાં સેલ કાઉન્ટર મશીનથી દર્દીઓના મૂળ રોગોનું નિરાકરણ મળશે તેવું તબીબો દ્વારા જાણવાં મળ્યું હતું. લાયન્સ દ્વારા સેલ મશીનથી દર્દીઓમાં હર્ષ જણાર્યા હતા. આમ તલોદ લાયન્સ સોસાયટીમાં દાતાઓનાં સહયોગ મળતાં તેમને સન્માનિત કરી અભિવાદન કરાયું હતું. પ્રોત્સાહન પ્રસંગે નવા વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ શેઠ મહેશભાઈ ઉપાધ્યાય મુખ્ય અતિથિ, પ્રમુખ નગરપાલિકા તલોદ, શ્રીમતી દક્ષાબહેન પટેલે લાયન્સ કલબ પ્રમુખ નરેશભાઈ શાહ, મંત્રી ચિરાગ મહેતા, સહ કન્વીનર મણીલાલ પટેલ, લાયન્સ પ્રમુખ શાંતિલાલ પટેલ, કન્વીનર નરેન્દ્રભાઈ શાહ, સભ્યશ્રીઓ, અગ્રણીઓએ મોટી હાજરી આપી હતી.

ઈડર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે મોહનભાઈ પરમાર

ઈડર, તા. ૨૯

ઈડર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે મોહનભાઈ પરમાર અને મહામંત્રી તરીકે હરિપ્રસાદ પંડ્યાની વરણી કરવામાં આવી છે. પેન્શનરો



દ્વારા આવકારવામાં આવ્યા હતા. માધુભાઈ દેસાઈ અને ચંદુલાલ ઉપાધ્યાયની સેવાઓનો બિરદાવી હતી.

ઊંઝામાં આઈસર ટ્રકની ટક્કરે કિશોરનું કરૂણ મોત

ઊંઝા, તા. ૩૦

આજે ઊંઝા શહેરના ખજૂરીપોળ વિસ્તારમાં ટયુશન કરીને સાયકલ પર ઘેર જઈ રહેલ એક કિશોરને આઈશર ટ્રકે ટકકર મારતાં તેનું ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજયું હતું.

બનાવની વિગત એવી છે કે, મૂળ પાટણ તાલુકાના સંડેર ગામના વતની અને ઊંઝા રામપુરામાં રહેતા શિલ્પાબેન ભાનુભાઈ પટેલના પુત્ર રાજકુમાર ઉ.વ.૧૩ આજે સવારે સાયકલ પર ટયુશને ગયો હતો. ટયુશન કરીને આ કિશોર સાયકલ પર પરત ઘેર જઈ રહ્યો હતો ત્યારે શહેરના ખજૂરીપોળ વિસ્તારમાં આઈશર ટ્રક નં. જીજે-૨૪- યુ ૧૫૩૨ના ચાલકે બેફિકરાઈથી વાહન હંકારીને કિશોરને જોરદાર ટકકર મારી હતી જેથી તેને શરીરે ગંભીર ઈજાઓ થવાથી ઘટના સ્થળ પર જ તેનું કરૂણ મોત નિપજયું હતું. આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી છવાઈ ગઈ હતી. અકસ્માતનો ભોગ બનેલ કિશોર શહેરની નવજીવન ઈંગ્લીશ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. આ બનાવ અંગે ઊંઝા પોલીસે આઈશર ટ્રકના ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હથ ધરી છે.

પ્રાંતિજમાં મોદી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ શહેરમાં વસતાં મોદી સમાજનો સ્નેહમિલન સમારોહ આજે પ્રાંતિજ ખાતે આવેલ મોદી સમાજની વાડીમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મોદી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં આવેલ મોદી સમાજના પ્રમુખોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના નાના ભૂલકાથી લઈ મોટા યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમથી વડીલોના દિલ જીતી લીધા હતા. વધુમાં તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. સમારોહનું નિતીન મોદી, મહેન્દ્ર મોદી, ઘનશ્યામ મોદી, ભાવેશ મોદી, મનોજ મોદીએ આયોજન કર્યું હતું. (તસવીર : સંજય રાવલ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601